She is never tired of helping others–તે બીજાને મદદ કરવાથી થાકી (કંટાળી) જતી નથી.

Big–બિગ્–મ્હોટી. Bigger–બિગર્–વધારે મ્હોટી.

Biggest–બિગેસ્ટ્–સૌથી વધારે મ્હોટી.

The biggest of the three–ધિ બિગેસ્ટ્ ઑફ્ ધિ થ્રી–ત્રણેમાં સૌથી વધારે મ્હોટી.

Small–સ્મૉલ્–ન્હાનું. Smaller–સ્મૉલર્–વધારે ન્હાનું.

Smallest–સ્મૉલેસ્ટ્–સૌથી વધારે ન્હાનું.

Good–ગૂડ્–સારૂં. Better–બેટર્–વધારે સારૂં.

Best–બેસ્ટ્–સૌથી વધારે સારૂં.

Very big–વૅરિ બિગ્–ઘણો મ્હોટો.

Very old–વૅરિ ઓ'લ્ડ્–ઘણો ઘરડો.

18.

The dog–ધિ ડૉગ્–કુતરો.

Night–નાઇટ્–રાત્રી. At night–ઍટ નાઇટ્–રાત્રે.
It gets dark–ઇટ્ ગેટસ–ડાર્ક–અંધારૂં થાય છે.
To lock–ટુ લૉક્–તાળુ દેવું; વાસવું; સાંકળ ભીડવી.
Are you not afraid? આર્ યુ નૉટ્ એફ્રેઇડ? તું બીતો નથી?
Thieves–થીવ્ઝ્–ચોર. (બહુવચન).
Thief–થિફ્–ચોર. (એકવચન).
Are you not afraid of thieves–તું ચોરથી બીતો નથી?
They may come–તેઓ (કદાચ) આવે.
In the dark–અંધારામાં.
To steal–ટુ સ્ટીલ–ચોરવું; ચોરી જવું.
Friend–ફ્રેન્ડ–મિત્ર.
All night long–આલ નાઇટ્ લૉંગ–આખી રાત.
Watches–વૉચીઝ–ચોકી રાખે છે; દેખરેખ રાખે છે.
To watch–ટુ વૉચ્–ચોકી રાખવી.
Sleeps–સ્લીપ્સ્–ઉંઘે છે.
He never sleeps–તે કદી ઉંઘતો નથી.
Thieves are afraid of him–ચોર તેનાથી બીએ છે.
If he sees a thief–ઇફ્ હિ સીઝ્ એ થિફ્–જો તે ચોરને જુએ છે.

Barks-બાર્કસ્-તે ભસે છે. To bark-ટુ બાર્ક-ભસવું.
When he hears a thief-જ્યારે તે ચોરને સાંભળે છે ત્યારે.
Bites-બાઇટસ્-કરડે છે. To bite-ટુ બાઇટ-કરડવું.
He will not bite my friends-તે મ્હારા મિત્રોને કરડતો નથી.
Any thing else-એનિથીંગ્ એલ્સ્-બીજું કાંઇ.
In his mouth-ઇન્ હિઝ્ માઉથ્-તેના મ્હોંમાં.

19

The Bird And Its Nest-ધિ બર્ડ્ ઍન્ડ ઇટસ્ નેસ્ટ્-પક્ષી અને તેનો આળો.

Garden-ગાર્ડન્-વાડી, બાગ.
This morning-ધિસ મૉર્નિંગ્-આજ સવારે.
High-હાય-ઉંચું. Low-લો'-નીચું.
Saw-સૉ-જોયું. (ભૂતકાળ). To see-ટુ સી-જોવું.
To fly away-ટુ ફ્લાય અવે'-ઉડી જવું.
It did not fly away-તે ઉડી ગયું નહીં.
Sat-સૅટ્-બેઠું. (ભૂતકાળ) To sit-બેસવું.
Still-સ્ટિલ્-શાંત; ચૂપ.
Quite still-ક્વાઇટ્ સ્ટિલ-તદ્દન શાંત.
Began-બિગૅન્-માંડયું; શરૂ કર્યું. (ભૂતકાળ)

To begin-ટુ બિગિન્-શરૂ કરવું; માંડવું.
To talk to her-તેની જોડે વાત કરવાનું.
Wings-વીંગ્ઝ-પાંખ.
High in the air-હાય ઇન્ ધિ એ'ર્-હવામાં ઉંચે.
Air-એ'ર્-હવા.
To fall-ટુ ફૉલ્-પડી જવું.
I do not fall-હું પડી જતું નથી.
From tree to tree-એક ઝાડથી બીજે ઝાડે.
To jump-ટુ જમ્પ્-કુદવું.
Would you like to fly like me-મારી પેઠે ઉડવાનું તને ગમશે?
I have shut-આઇ હેવ્ શટ્-મ્હેં બીડી છે.
Branch-બ્રાન્ચ-શાખા.
A nice warm house-સુંદર હુંફવાળું ઘર.
Built-બિલ્ટ્-બાંધ્યું. (ભૂતકાળ.)
To build-ટુ બિલ્ડ્-બાંધવું.
Week-વીક્-અઠવાડીયું.
Under-અન્ડર્-નીચે; તળે.
Little sticks-લિટલ્ સ્ટિક્સ-હાની ડાળીઓ.
Wool-વુલ-ઉન. Dry-ડ્રાય-સુકું.
To keep it warm તેને હુંફવાળું રાખવાને.
Blue-બ્લ્યુ-ચાહળી.
Laid-લેઈડ્-મૂક્યાં. (ભૂતકાળ). To lay-ટુ લે'-મકવું.

Yesterday-યસ્ટરડે'-ગઈ કાલ.
To touch-ટુ ટચ-અડકવું.
You must not touch them-તમારે તેને અડકવું જોઇએ નહીં.
Few-ફ્યુ-થોડા.
In a few days-ઇન્ એ ફ્યુ ડેઇઝ-થોડા દિવસમાં.
They will get cold-તે ઠંડા પડી જશે.
Cold-કો'લ્ડ-ઠંડા.

20

The young Birds-ધિ યંગ બર્ડ્ઝ-ન્હાનાં પક્ષી.

Afterwards-આફ્ટર્ વર્ડ્ઝ-પછીથી.
Five or six days afterwards-પાંચ કે છ દીવસ પછી.
It talked to her again-તેણે ફરીથી તેની સાથે વાત કરી.
Glad-ગ્લૅડ-ખુશી.
I am very glad to see you-હું તમને જોઈ ઘણું ખુશી થયું છું.
Near-નીઅર્-નજીક, પાસે.
If you like-ઇફ યુ લાઇક્-જો તમારી ઇચ્છા હોય તો.
Ago-અગો'-પહેલાં.
Two days ago-બે દિવસ પહેલાં.
Came out-કેઇમ્ આઉટ્-બહાર આવ્યાં.
Showed-શો'ડ-બતાવ્યાં. (ભુતકાળ).

To show-ટુ શો'-બતાવવું.

They are opening-ધે આર્ ઓ'પ્નીંગ્-તેઓ ઉઘાડે છે.

To open-ટુ ઓ'પન-ઉઘાડવું.

Mouths-માઉથ્સ-મ્હોં.

Crying-ક્રાઇંગ્-ચીસ પાડતાં.

To cry-ટુ ક્રાય-ચીસ પાડવી. Hungry-હંગ્રિ-ભૂખ્યાં.

Brought-બ્રૉટ્-લાવ્યું; લાવેલું.

I have brought-આઇ હેવ્ બ્રૉટ્-હું લાવ્યો છું.

I have just brought-હું હમણાંજ લાવ્યું છું.

A worm-એ વર્મ્-કીડો.

Another-અનધર્-બીજું (એક), એક બીજુ.

Like me-મ્હરા જેવું.

Has gone out-હેઝ્ ગૉન્ આઉટ્-બ્હાર ગયો છે.

To get these children some food-આ બચ્ચાંઓ માટે
કાંઇક ખોરાક લાવવાને.

Well-વેલ્-સારી રીતે.

To feed-ટુ ફીડ-ખવડાવવું.

They will get bigger and bigger every day-તેઓ
દરરોજ મ્હોટાં અને મ્હોટાં બનતાં જશે.

Month-મન્થ-માસ, મહીનો.

Strong wings-સ્ટ્રૅાંગ્ વીંગ્ઝ્-મજબુત પાંખો.

To teach-ટુ ટીચ-શીખવાડવું.

To fly about-ટુ ફ્લાય એબાઉટ્-આમ તેમ ઉડવાનું.

For themselves-ફૅાર્ થેમસેલ્વ્ઝ્-તેમના પોતાના માટે.

Babies-બેબિઝ્-બાળક, બચ્ચાં.

Birdie-બર્ડી-ન્હાનું પક્ષી; પંખીડું.

At break of day-એટ્ બ્રેક ઑફ્ ડે-પ્હો ફાટતાં; જ્યારે દીવસ થાય છે ત્યારે.

Let me fly-મને ઉડવા દો. **Rest**-રેસ્ટ-રહે.

To rest-ટુ રેસ્ટ્-રહેવું.

A little longer-એ લિટલ્ લૉંગર્-થોડી વધારેવાર.

Till-ટીલ્-જ્યાં સુધી...ત્યાં સુધી.

Stronger-સ્ટ્રૉંગર્-વધારે મજબૂત.

21

The Cat-ધિ કૅટ્.-બીલાડી.

Short soft hair-શૉર્ટ સૉફ્ટ હે'ર્-ટુંકી સુંવાળી રૂંવાટી.

Over its body-ઓવર્ ઈટસ્ બૉડિ-તેના શરીર ઉપર.

Body-બૉડિ-શરીર.

Claws-ક્લૉઝ્-નખ.

At the end-છેડે.

Sharp-શાર્પ્-તીક્ષણ.

End-એન્ડ્-છેડો.

Paws-પૉઝ્-પંજા.

To tease-ટુ ટીઝ્-ચીડવવું.

Do not tease-ડુ નૉટ્ ટીઝ્-ચીડવજો નહીં.

Scratch-સ્ક્રેચ્-નખથી ચીરા પાડવા; નખ ભીડાવવા.

To catch-ટુ કૅચ્-પકડવું.
Rats-રૅટસ-ઉંદર
Mice-માઇસ-ઉંદર, Mouse-માઉસ-ઉંદર.(એકવચન).
In the night-time-ઇન ધિ નાઇટ્ ટાઇમ-રાત્રીના વખતે.
Time-ટાઇમ્-વખત.
To steal food-ટુ સ્ટીલ ફૂડ-ખોરાક ચોરવાને.
Waits-વેઇટસ-રાહ જુએ છે.
Hole-હો'લ-દર; કાણું.
Jumps up-જમ્પ્સ અપ્-કૂદે છે.
Catches-કૅચીઝ-પકડે છે.
At last-ઍટ્લાસ્ટ્-છેવટે; આખરે.
Kills-કિલ્સ-મારી નાખે છે.
To kill-ટુ કિલ-મારી નાખવું.
Meat-મીટ્-માંસ. Bread-બ્રે'ડ-રોટલી.
Fond-ફૉન્ડ-શોખીન.
It is fond of fish-ઇટ્ ઇઝ ફૉન્ડ ઑફ્ ફિશ-તે માછલીનું શોખીન છે; તેને માછલી ભાવે છે.
To be fond of-નું શોખીન હોવું.
Kittens-કિટન્સ-બિલાડીનાં બચ્ચાં.
Licks-લિકસ-ચાટે છે. To lick-ટુ લિક-ચાટવું.
All over-ઑલ ઓ'વર્-આખે શરીરે, બધે.
Brings-બ્રિન્ગ્ઝ-લાવી આપે છે.
Moves-મુવ્ઝ-હલાવે છે. Play-પ્લે'-રમત. (નામ)

They jump about-તેઓ આમ તેમ કુદે છે.
By mewing-બાય મ્યુઇંગ-મીઆંઉ કરીને.
To mew-ટુ મ્યુ-મીઆંઉં કરવું.
Guard-ગાર્ડ-ચોકી રાખે છે; રક્ષણ કરે છે.
To guard-ટુ ગાર્ડ-ચોકી રાખવી; રક્ષણ કરવું.
Kind-કાઇન્ડ-માયાળુ.
We should be kind to them-આપણે તેમના તરફ માયાળુ થવું જોઇએ.

22

Goats-ગોટ્સ-બકરીઓ.

Goats-ગોટસ-બકરા (બકરીઓ).
What long ears-કેવા લાંબા કાન !
Horns-હૉર્ન્સ-શીંગડાં,
To butt-ટુ બટ-માથું બીડાવવું; માથુ મારવું; શીંગું મારવુ.
To beat-ટુ બીટ-મારવું.
If you do not beat them-જો તમે તેને નહીં મારશો તો
Sweet and good to drink-પીવામાં સારૂં અને મીઠું.
Less-લેસ-ઓછું.
Goatman-ગોટમૅન-બકરાવાળો.
He is going to milk them-તે તેમને દોવાની તૈયારીમાં છે.

In front of–ઇન ફ્રન્ટ ઑફ–ની આગળ.
In front of him–તેની આગળ; તેના મ્હોં આગળ.
Earthen–અર્થન–માટીનું.

23

The sheep–ધિ શીપ–ઘેટાં.

A sheep–એ શીપ–ઘેટું. A ram–એ રૅમ–ઘેટું
Male–મેઇલ–પુરૂષ (વાચક).
Male sheep–મેઇલ શીપ–પુરૂષ ઘેટું; ઘેટું.
Straight–સ્ટ્રેઇટ–સીધાં.
Twisted–ટિવસ્ટેડ–વાંકા; વાળેલાં
To twist–ટુ ટિવસ્ટ–વાંકુ વાળવું.
Thick–થિક–જાડું. Thick wool–જાડું ઉન.
Skin–સ્કિન–ચામડી.
Like a coat–લાઇક એ કોટ–કોટ જેવું.
Cut off–કટ ઑફ–કાપી નાંખે છે.
They make the wool into cloth–તેઓ ઉનનું કાપડ બનાવે છે;
Cloth–ક્લૉથ–કાપડ; લુગડું. Clothes–ક્લોધ્ઝ–લુગડાં, કપડાં.
They make the cloth into warm clothes–તેઓ કાપડનાં ગરમ લુગડાં બનાવે છે.
Flocks–ફ્લૉક્સ–ટોળાં Flock–ફ્લૉક–ટોળું.

In flocks–ઈન ફ્લૉક્સ–ટોળામાં; ટોળા બંધ.
Drives–ડ્રાઇવ્ઝ–હાંકી જાય છે;
Fields–ફિલ્ડ્ઝ–ખેતરો. To graze–ટુ ગ્રેઇઝ–ચરવું.
Thicker–થિકર્–વધારે જાડું. Mild–માઇલ્ડ–ધીમાં; નરમ.
Quiet–ક્વાયેટ્–શાંત. Harm–હાર્મ–ઇજા.
To any one–કોઇને.

24

For you And For Me–ફૉર્ યુ ઍન્ડ ફૉર્ મી–હારા અને મ્હારા માટે.

Bright–બ્રાઇટ્–તેજસ્વી. Shines–શાઇન્સ–પ્રકાશે છે.
To shine–ટુ શાઇન–પ્રકાશવું.
Deep blue sky–ડીપ બ્લ્યુ સ્કાય–ઘેરૂં વાદળી આકાશ.
Sky–સ્કા'ય–આકાશ. Pale–પેઇલ–ફીકકો.
Lights up–લાઇટ્સ અપ–ઓપે છે; અજવાળે છે; અજવાળું આપે છે.
Clouds–ક્લાઉડ્ઝ–વાદળાં. On high–ઑન હાય–ઉંચે.
Twinkling–ટિવન્કલીંગ–ઝબકતા.
To twinkle–ટુ ટિવંકલ–ઝબકવું.
Golden–ગો'લ્ડન–સોનેરી. Gold–ગો'લ્ડ–સોનું.
Sinks down–સિન્કસ ડાઉન્–આથમે છે. નીચો ઉતરે છે; ડુબે છે.
To sink–ટુ સિન્ક્–ડુબવું; આથમવું;
West–વેસ્ટ્–પશ્ચિમ. Sweetly–સ્વીટ્લિ–મધુરી રીતે.

Garden tree–બાગમાંનું ઝાડ Songs–સૉંગ્ઝ–ગીત.
Hum–હમ્–ગણુગણે છે; ગુંજે છે.
To hum round–આમ તેમ ગુંજવું; ગણુગણુવું.
Gay–ગે'–ચળકતાં, આનંદી.
Open–ઓપન્–ઉઘડે છે. Smile–સ્માઇલ–હસે છે.
To scent–ટુ સેન્ટ–સુગંધી આપવી; સુગંધી પાથરવી.
Bloom–બ્લુમ–ખીલવું. Great–ગ્રેટ–મહાન, મ્હોટો.
Up on high–ઉંચે.
His home in the sky–આકાશમાંના તેનું ઘર.
Things–થીંગ્ઝ–ચીજો.
He has made–તેણે બનાવી છે.
Loving–લવીંગ–પ્રેમાળ, હેતાળ,
Made–મેઇડ–બનાવ્યું; બનાવેલી.
To make–ટુ મેઇક–બનાવવું.

પ્રાયમર સેકન્ડનો તરજુમો.

૧ મ્હારા બાપ.

મ્હારે વાસ્તે કોણ સખત મજુરી કરે છે ? મ્હારી સંભાળ કોણ લે છે ? મ્હારો સૌથી સારો મિત્ર કોણ છે ?

મ્હારા બાપ.

હું મ્હારા બાપને ચાહું છું. મ્હારા બાપ મ્હને ચાહે છે.

---

૨ મા ઘેર.

બાપ કામ ઉપર ગયા છે. બે છોકરાઓ નિશાળે ગયા છે. ત્રણ ન્હાની છોડીઓ ઘેર છે. મા પણ ઘેર છે. તેઓ આ ચિત્રમાં છે.

તેઓ શું કરે છે ?

મા પોતાની ન્હાની છોડીઓને લખતાં શીખવાડે છે. તેઓ બધાં એક સાદડી ઉપર બેઠાં છે. એક (છોડી) દોરીમાં ફુલ પરોવે છે. બીજી બે છોડીઓ ચોપડીઓમાં લખે છે. માએ પોતાના હાથમાં પંખો ઝાલ્યો છે. તેણીના ગળાની આસપાસ કંઠી છે. તેના કાનમાં એરીંગ છે. છોકરીઓને પણ એરીંગ છે.

---

૩ બાળક.

મા—હું બાળક જોઉં છું.

છોકરું—બાળક ક્યાં છે ?

મા—પેલું તે રહ્યું. તે મેજ ઉપર બેઠું છે. હું મ્હોટો પંખો જોઇ શકું છું.

છોકરું—પંખો ક્યાં છે ?

મા—પંખો બાળકની પાછળ છે. તે તેની પાસે બેઠું છે. તે તેની આગળ બેઠું છે.

છોકરું—તે શું કરે છે ?

મા—તે મ્હારી અને ત્હારી સામુ જુએ છે.

છોકરું—મેજ ઉપરથી તે નહીં પડે ?

મા—અરે, ના ! તે નહીં પડે. તે મેજ ઉપર સહીસલામત છે.

છોકરું—એને હું દૂધનો પ્યાલો આપું ?

મા—હા, ભલે તેને દૂધનો પ્યાલો આપો.

છોકરું—હું તેના ગળાના આસપાસ કંઈક જોઇ શકું છું. એ શું છે ?

છોકરું—તેના હાથ કેવા ન્હાના છે ? તેના ડાબા હાથમાં તેણે શું ઝાલ્યું છે ?

મા—તેણે પોતાના ડાબા હાથમાં થોડાં ફૂલ ઝાલ્યાં છે. તેની પાસે મેજ ઉપર થોડાં વધારે ફૂલ હું જોઈ શકું છું.

છોકરું—એના જમણા હાથમાં હું કાંઇ જોતો નથી.

મા—ના. તેના જમણા હાથમાં તેણે કાંઇ ઝાલ્યું નથી.

છોકરું—એનું નામ મને કહો.

મા—એનું નામ શોધા છે. પણ અમે બધા તેને બાળક કહીએ છીએ.

છોકરૂં—બાળક ચાલી શકે છે ?

મા—તે દૂર જઈ શકતું નથી. તે મારો હાથ પકડીને ચાલે છે.

છોકરૂં—તે બોલી શકે છે ?

મા—ના. તે હજુ બહુ બોલી શકતું નથી. તે થોડા વખતમાં મ્હોટું થશે ત્યારે તે ચાલશે અને બોલશે અને દોડશે.

છોકરૂં—પંખાનો ઘાટ કેવો છે ?

મા—પંખો ગોળ છે. તેને લાંબો હાથો છે.

ન્હાના બાળક તરફ માયાળુ થાઓ. તેની સાથે નમ્રતાથી બોલો.

---

૪ નવો પતંગ.

કેશુ—ટીકુ આવ, ચાલ આપણે ઘેર જઈએ—થોડી વારમાં અંધારૂં થશે. મ્હારે જલદી ઘેર જવું છે.

વિઠુ—વારૂ કેશુ, હું તારી સાથે આવીશ. તું ઘેર શું કરીશ ?

કેશુ—મ્હારે નવો પતંગ ઉડાડવો છે.

વિઠુ—તને પતંગ કોણે આપ્યો ? મ્હેં તે કદી જોયો નથી.

કેશુ—તે મને મ્હારા ભાઈએ કાલ આપ્યો. તેણે તે બનાવ્યો. તેણે તે સારા કાગળનો બનાવ્યો. તે બહુ સુંદર પતંગ છે. તેને સુંદર પુંછડી છે.

વિઠુ—ત્હારી પાસે કાંઈ દોરી છે ?

કેશુ—અરે હા. મ્હારી પાસે દોરીનો મ્હોટો દડો છે. તે સારી અને

મજબુત દોરી છે. તે તુટશે નહી. મ્હારો પતંગ બહુ ઉંચે ઉડી શકે છે. હું તે નદી ઉપર ઉડાડીશ.

વિ હું—હું પાછળ ઉભો રહીશ અને જોઈશ.

---

૫ કેરી.

છોકરો—અહીં ત્રણ સુંદર કેરીઓ છે.

બાઈ—આ કેરીઓ પાકી છે ?

છોકરો—હા તે તદ્દન પાકી છે, અને મીઠા રસથી ભરપૂર છે.

બાઈ—તું તે કેવી રીતે જાણે છે ?

છોકરો—તે પાકી દેખાય છે, તે પાકી લાગે છે, અને તે પાકી સ્હોડે છે.

બાઈ—હા, તે ખરેખર સુંદર સ્હોડે છે. તે પાકી હોવી જોઇએ.

છોકરો-તું કેટલાં પાંદડાં જોઇ શકે છે ?

બાઇ—હું બે પાંદડાં જોઈ શકું છું. દરેક કેરીને ડાખળી છે. ત્રણ કેરીઓ છે અને ડાખળીઓ છે, પણ ફક્ત બે પાંદડાં છે. એક ડાખળી ઉપર પાંદડું નથી. એના ઉપર શા માટે પાંદડું નથી ?

છોકરો—એ ડાખળી પરનું પાંદડું ખરી પડેયું છે.

બાઈ—આ કેરીમાંથી એક કાપું ?

છોકરો—હા, તારી મરજી હોય તો એક ખા. આવ, અહીં બેસ અને ખા. તેનો સ્વાદ સારો છે ?

બાઈ—હા, મ્હારો આભાર માનું છું. તે બહુ સારી લાગે છે. તેનો

સ્વાદ બહુ સારો છે. મ્હને આ કેરી પસંદ પડે છે. તને તે ક્યાંથી મળી ?

છોકરો—આપણા બગીચામાંના ઝાડ ઉપરથી મ્હેં તે ચૂંટી લીધી.

બાઈ—ઝાડપર બીજી પાકી કેરીઓ છે ?

છોકરો—ના. ઝાડપરની બીજી કેરીઓ લીલી (કાચી) છે. તે હજુ પાકી નથી. તે ખાવા જેવી થઇ નથી. આપણે તે ચૂંટી લેવી જોઇએ નહીં.

કાચી કેરીઓ ખાશોમાં. જો તમે ખાશો તો માંદા પડશો. જો તમે માંદા પડશો તો મરી જશો.

---

૯ ચપ્પુ.

કેશુ—જો, આ મ્હારૂં ન્હાનું ચપ્પું છે.

ગોપુ—કેવું સુંદર ચપ્પું ? એ કાપી શકે છે ?

કેશુ—અરે હા, એ કેરી કાપી શકે છે. એ કાગળ કાપી શકે છે.

ગોપુ—એનાથી પેન્સીલ (સીસાપેન) ઘડી શકાય છે ?

કેશુ—હા, સીસાપેન કઠણ હોય છે, પણ મ્હારૂં ચપ્પું એ કાપી શકે છે. એને હાથો છે અને ત્રણ તીક્ષ્ણ પાનાં છે. એ ઉઘાડું છે અને તું તીણાં પાનાં જોઇ શકે છે. જો તું તે વાશી દે તો તું પાના જોઇ શકે નહીં.

ગોપુ—એને કેવો હાથો છે ?

કેશુ—એને હાડકાનો હાથો છે. અને પાનાં ગજવેલ (પોલાદ)ના છે.

ગોપુ–આ ચપ્પાનું નામ મને કહે.

કેશુ–એ લેખણ છોલી શકે છે અને તે વડે હું ઘણીવાર કલમ ઘડું છું. અમે તેને ચપ્પું કહીએ છીએ.

ગોપુ–એ પોલાદની કલમ છોલી શકે ?

કેશુ—ના, એનાથી હું પીછાની કલમ ઘડી શકું છું. પણ એ પોલાદ કાપી શકે નહી. પોલાદ ઘણું સખત હોય છે. પીછું પોચું હોય છે.

ગોપુ–મહેરબાની કરી મને આ ચપ્પું આપ.

કેશુ—ના, આ ચપ્પું હું તને આપી શકું નહીં. એ તો મ્હારે પોતાને જોઇએ છે. આના જેવું એક ત્હારા બાપાને ત્હારે માટે ખરીદવાનું કહેજે.

ગોપુ—આ સુંદર ચપ્પુ તેં કયાંથી ખરીદ્યું !

કેશુ—ગઈકાલ (મ્હારા) બાપાએ એ દુકાનમાંથી ખરીદ્યું.

ગોપુ–એને માટે એમણે શું આપ્યું ?

કેશુ—એને માટે તેમણે આઠ આના આપ્યા. તેમણે પોતે મને એમ કહ્યું હતું. હવે તું ઘેર જા. બહુ મોડું થયું છે. મ્હારે સુઈ જવું છે.

મ્હારે વાંચતા શીખવું જોઇએ. મ્હારે લખતાં શીખવું જોઇએ. મ્હારે જુઠું બોલવું જોઇએ નહીં. મ્હારે કોઇને ઇજા કરવી જોઇએ નહીં.

૭ ગાય.

ગોવિંદ—આ ચિત્રમાં શું છે? મને કહો.

વિઠુ—હું ગાય અને વાછરડું અને માણસ અને સ્ત્રી જોઉં છું. માણસ કોણ છે? તે શું કરે છે?

ગોવિંદ—તે દૂધવાળો છે. ગાય તેની ગાય છે. એ જમીન ઉપર બેઠો છે, અને પોતાના જમણા હાથથી ગાય દોહે છે.

વિઠુ—એના ડાબા હાથે તે શું કહે છે?

ગોવિંદ—પોતાના ડાબા હાથે તેણે વાસણ ઝાલ્યું છે.

વિઠુ—દૂધવાળાની પાસે જમીન ઉપર હું બે વસ્તુઓ જોઈ શકું છું. એ શું છે અને શા વાસ્તે છે?

ગોવિંદ—એક મ્હોટું ગોળ વાસણ છે અને એની પાસે એક ન્હાનું વાસણ છે. મોટા વાસણમાં દૂધવાળો દોહે છે. એ દૂધથી ભરાઇ જશે. પછી તે પેલા બે વાસણમાં દૂધ રેડશે.

વિઠુ—દૂધવાળો અહીં કયારે આવે છે?

ગોવિંદ—ગાય દોહવાને તે હમ્મેશાં સવારે અહીં આવે છે. ગાયને દોહીને પોતાનું દૂધ વેચવાને તે ઘેર ઘેર ફરે છે.

વિઠુ—પેલી ત્યાં ઉભેલી બાઈ કોણ છે? એ કયાંથી આવી છે? એને શું જોઇએ છે?

ગોવિંદ—તે ગાયની પાછળના ઘરમાંથી બ્હાર આવેલી છે. તે પોતાને માટે થોડું દૂધ લેવા આવી છે. જમીન ઉપરનું પેલું ન્હાનું વાસણ તેનું છે. દૂધવાળો તે દૂધથી ભરશે અને તેણી તે લઈ જશે.

એના હાથે બંગડીઓ છે. એની ઘૂંટણ ઉપર ઝાંઝર (કલ્લી) છે, નાકમાં વાળી છે; અને કાનમાં એરીંગ છે.

વિઠ્ઠુ—ગાય શું કરે છે ?

ગોવિંદ—ગાય જમીન ઉપરની ટોપલીમાંથી ખાય છે.

વિઠ્ઠુ—વાછરડું શું કરે છે ?

ગોવિંદ—વાછરડું એની માની નીચે પોતાનું માથું ઘાલે છે. તે પોતાને માટે થોડું દૂધ લેવાનો પ્રયત્ન કરે છે.

વિઠ્ઠુ—વાછરડાને થોડું દૂધ મળશે ?

ગોવિંદ—હા, દૂધવાળો દૂધથી પોતાનું વાસણ ભરશે અને પછી વાછરડાને પોતાની મા પાસેથી થોડું દૂધ પીવા દેશે.

વિઠ્ઠુ—ગાય શું ખાય છે અને શું પીએ છે ?

ગોવિંદ—એ ઘાસ, કુશકી, કઠોળ અને પરાળ ખાય છે. તે સ્વચ્છ ઠંડુ પાણી પીએ છે.

વિઠ્ઠુ—દૂધવાળાએ તેના પાછલા પગ કેમ સાથે બાંધ્યા ?

ગોવિંદ—તેને લાત મારતી અટકાવવાને તેણે તેના પાછલા પગ જોડે બાંધ્યા. જો તે લાત મારે તો દૂધનું વાસણ ઉંધુ વળે અને દૂધવાળાને ઈજા થાય.

વિઠ્ઠુ—ગાય કેટલું દૂધ દે છે ?

ગોવિંદ—આ ગાય દરરોજ ચાર શેર દૂધ દે છે. સવારમાં તે બશેર દે છે અને સાંજે ફરીથી તે બશેર દે છે.

ગાયના માથા ઉપર તું બે શીંગડા જુએ છે. નહીં વારુ ? તે ગાયને કાંઈ કામના છે ?

વિઠુ—હું શીંગડાં જોઇ શકું છું. એ શા કામના હોય છે

ગોવિંદ—ગાય તેનાથી લડી શકે છે. કોઈ તેને અથવા તેના વાછરડાને ઇજા કરવાનો પ્રયત્ન કરે ત્યારે તે પોતાના શીંગડાથી લડે. તેને ટુંકા પગ છે અને ઘણી જલદીથી દોડી શકતી નથી. પણ પોતાના શીંગડા વતી પોતાને અને પોતાના નાના વાછરડાને સહી સલામત રાખી શકે છે.

આ વાસણ મ્હોટું છે. પેલાં વાસણ મ્હોટાં છે. આ ચોપડીઓ મ્હારી છે. પેલી ચોપડીઓ તમારી છે. દૂધ સારૂં, ધોળું અને મીઠું હોય છે. દરેકને દૂધ પીવું ગમે છે. ન્હાની ગાયને આપણે વાછરડી કહીએ છીએ. ગાય પોતાના વાછરડાનું જતન કરે છે.

---

૮ ઘોડો.

માણસ—અહીંઆ મારો ઘોડો છે. એના સામું જો. એને લાંબા પગ છે. અને વાળવાળી લાંબી પૂંછડી છે. તે બહુ જોરાવર છે. તે ઘણી ઝડપથી દોડી શકે છે. તે ઘણે દૂર માણસને પોતાની પીઠ ઉપર લઇ જાય છે. એને લાંબી ડોક છે, ન્હાનું માથું છે; ન્હાના કાન છે; અને તે સારી રીતે સાંભળી શકે છે. તે ગાય જેવો ટુંકો હોતો નથી. તે ઉંચો હોય છે.

છોકરો—હું તમારા ઘોડા ઉપર સ્વાર થાઉં.?

માણસ—હા. તેની પીઠ ઉપર ચઢ અને સ્વારીકર, હું તને ઝાલી રાખું છું, બીતોના.

છોકરો—મહેરબાની કરી મને મજબૂત પકડી રાખજો. તેને ઝાડપથી દોડવા દેશો નહીં. તે કેવો ઝડપથી દોડે છે.?

આ સુંદર કાળો ઘોડો છે ઘોડો ઘણી ઝડપથી દોડી શકે છે. ઘોડો તેના સ્વારને ઓળખે છે. ચડી બેસ. મજબૂત પકડો. ઝડપથી ચાલો.

---

૯ ખુરશી.

રામ—આ સારી ખુરશી નથી? એ કોની છે?

ગોવિંદ—એ મ્હારી ખુરશી છે. હું એના ઉપર બેસું છું. કેટલાક માણસ ભોંય ઉપર બેસે છે. ભોંય ભીની હોય. હું ખુરશી ઉપર બેસું તો હું ભીંજાઉં નહીં.

રામ—આ કેવી જાતની ખુરશી છે ?

ગોવિંદ—તે નેતરની ખુરશી છે. પાછળ નેતરના પાતળા કકડા છે. પાયા નેતરના જાડા કકડાના છે. બેઠક નેતરની છે. એ પોચી લાગે છે.

રામ—મ્હારો વાંસો દુખે છે. હું ઘેર જમીન ઉપર બેઠો અને ભીંજાયો.

ગોવિંદ—મ્હારી ખુરશી ઉપર બેસ. ત્હારે ઘેર ખુરશી છે?

રામ—ના. પણ હું એક ખરીદીશ: એનું શું પડશે ?

ગોવિંદ—સારી ખુરશીના તારે બે કે ત્રણ રૂપીયા આપવા પડશે.

કેટલીક ખુરશીઓ લાકડાની હોય છે. લાકડું કઠણ લાગે છે. પણ નેતર કરતાં તે વધારે મજબૂત હોય છે.

ખુરશીઓને પીઠ, બેઠક અને પાયા હોય છે. કેટલીક ખુરશીઓને હાથ હોય છે.

---

૧૦ હું કરીશ.

૧ હું મ્હારા બાપને માનીશ.
૨ હું મ્હારા માબાપ બ્હેન અને ભાઈ ઉપર પ્રેમ રાખીશ.
૩ હું ઘેર દરેક જણ તરફ માયાળુ થઈશ.
૪ હું દરેકની સાથે ધીમાસ અને નરમાશથી બોલીશ.
૫ હું હમેશ ઇશ્વરની પ્રાર્થના કરીશ.
૬ મ્હારી સંભાળ રાખવાની હું ઇશ્વરને પ્રાર્થના કરીશ.

હું નહીં કરૂં.

૧ હું જુઠું નહીં બોલું.
૨ હું ચોરી નહી કરૂં.
૩ હું અપશબ્દ વાપરીશ નહીં.

ખરૂં કરવાનો પ્રયત્ન કરો.

સાચા રહેવાનો પ્રયત્ન કરો.

જો તમે દરેકપર પ્રેમ રાખશો તો દરેક તમારાપર પ્રેમ રાખશે.

---

૧૧ બળદગાડું.

છોકરો—ગાડામાં બેઠેલા પેલા માણસને તું જુએ છે ?

બાઈ—હા. હું એને ગાડામાં જોઉં છું. તે કોણ છે ? તે ત્યાં શું કરે છે ?

છોકરો—એ ગાડાવાળો છે. તેણે પોતાના માથે પાઘડી પહેરી છે. આ ગાડું તેનું છે. તે બળદગાડું છે. તે બળદને હાંકે છે.

બાઈ—ગાડું શાથી ચાલે છે ?

છોકરો—બળદ ગાડાને ખેંચે છે. ગાડાને બે મ્હોટાં ગોળ પૈડાં છે. દરેક બાજુએ એક છે. જ્યારે બળદ ખેંચે છે ત્યારે પૈડાં ફરે છે. ત્યારે ગાડું રસ્તામાં ચાલે છે. હમણાં તે રસ્તામાં શાંત ઉભું છે.

બાઈ—અહીં તે શા વાસ્તે શાંત ઉભું છે ?

છોકરો—કોઈ દૂર રહે છે. આ ઘરમાં તેનો એક ભાઈબંધ છે. તેને મળવાની અને તેની સાથે વાતચીત કરવાની તેની ઇચ્છા હતી. તેને અહીં લાવવાને તેણે ગાડાવાળાને ચાર આના આપ્યા. હમણાં તે ઘરમાં છે અને પોતાના ભાઈબંધ સાથે તે વાત વાત કરે છે. થોડીકવારમાં તે બ્હાર આવશે અને આ ગાડામાં બેસી ઘેર જશે. ગાડાવાળો બ્હાર તેની વાટ જુએ છે.

બાઈ—ગાડાનો ઉપરનો ભાગ (મથાળું) કેવો સુંદર છે ?

છોકરો—હા. ગાડાવાળાએ તે પોતે જાતે બનાવ્યો (છે). તેણે તે નેતર અને સાદડીનો બનાવ્યો (છે). તેણે નેતર વાળીને સાદડી

તેના ઉપર મૂકી (છે). પાતળાં દોરડાંથી નેતર ઉપર સાદડી બાંધી લીધી (છે). તમે નેતર જોઈ શકતા નથી. તે અંદર છે. સાદડીઓ ઉપરનાં બ્હારનાં દોરડાં તમે જોઈ શકો છો.

બાઈ—ગાડાનો ઉપરનો ભાગ શું કામનો છે ?

છોકરો—ગાડાનો ઉપરનો ભાગ સૂર્યનો તાપ અને વર્ષાદ દૂર રાખે છે. સૂર્યનો તાપ અને વર્ષાદ અંદર જઈ શકતાં નથી. ગાડું અંદરથી ઠંડું અને ભેજ વગરનું છે.

બાઈ—ગાડાવાળો બળદને શી રીતે હાંકે છે ?

છોકરો—બળદના નસ્કોરામાં તેણે દોરી પરોવી છે. તેણે તેની જોડે દોરડું બાંધ્યું છે. દોરડાનો એક છેડો તેણે પકડ્યો છે. જ્યારે તે દોરડું ખેંચે છે ત્યારે બળદ ઉભો રહે છે. તેના હાથમાં ચાબુક છે. જો બળદ દોડે નહીં તો તે ચાબુક મારે છે. પછી તે દોડવા લાગે છે.

બળદને ટુંકા પગ હોય છે. ઘોડો બળદ કરતાં વધારે ઉંચો હોય છે. ઘોડાની ખરી આખી હોય છે. બળદની ખરી બે ભાગમાં હોય છે.

---

૧૨ તે મેળવવાનો પ્રયત્ન કરો.

એક ન્હાનો છોકરો અને તેની મા.

છોકરો—તેં શું ધર્યું છે ?

મા—આ એક ન્હાનું પક્ષી છે.

છોકરો—એ ઉડી શકે છે ?

મા—ના. એ લાકડાનું પક્ષી છે. એ ઉડી શકે નહીં. તે રમકડું છે. તુ એની સાથે રમ.

છોકરો—તે મને આપ.

મા—તારો હાથ ઉંચો કરીને લે.

છોકરો—હું એટલે ઉંચે પહોંચી શકું નહીં.

મા—પણ તેને પહોંચવાનો પ્રયત્ન કર.

છોકરો—હું પ્રયત્ન કરૂં છું પણ પહોંચી શકતો નથી.

મા—તારા અંગુઠા ઉપર ઉભો રહે અને પ્રયત્ન કર.

છોકરો—તે થોડું નીચું ઉતાર હવે તે મેં લીધું છે. તે મ્હારા હાથમાં આવ્યું છે. હું તે જવા નહીં દઉં. આ પક્ષી મ્હારૂં ને ?

મા—હા. હું તે તને આપી દઉં છું. એ હવે તારૂં થયું.

છોકરો—વ્હાલી મા, સારૂં કર્યું.

મા તેના ન્હાના છોકરાપર પ્રેમ રાખે છે.

૧૩ કુકડો.

કુકડો બહુ સુંદર પક્ષી છે. એ કેવો અક્કડ ઉભો છે ? તેની પૂંછડી જુઓ. તેમાં કેવાં સુંદર લાંબાં પીછાં છે ? તે ધોળાં, કાળાં, રાતાં અને પીળાં છે. તેના માથા ઉપર સુંદર રાતી કલગી છે.

કુકડાને બૈરી બચ્ચાં છે. બૈરી મુરઘી છે. તે ઇંડાં મુકે છે અને તેમને હુંફાળા રાખવાને તેમના ઉપર બેસે છે. પછી ઇંડાં ફૂટે છે. ન્હાના મરઘાં બ્હાર આવે છે. ચિત્રમાં તમે મરઘી અને તેની આસપાસ બધે તેનાં બચ્ચાં જુઓ છો. તે શું કરે છે ? તે તમે મને કહી શકશો? તે ભોંય ઉપરથી પોતાના બચ્ચાં માટે ખોરાક વીણે છે. તે તેમને ખવડાવે છે. તે તેમની મા છે. તેઓ પણ થોડો ખોરાક વીણવાનો પ્રયત્ન કરે છે. તેઓ તેમની માની પેઠે ખોરાક વીણે છે.

કુકડો સવારમાં ઘણો વ્હેલો ઉઠે છે. અને કુકડેકુ કરવા માંડે છે. તે શું કહે છે ? તે મને કહો. તે કહે છે "જાગો, જાગો. તમારી આંખો ઉઘાડો અને ઉઠો. સુર્યોદય પહેલાં ઉઠો.

સવાર પહેલાં કુકડો કૂકડેકૂ કૂકડેકૂ એમ બોલે છે. કીકીરીકી. પૂર્વમાં નવું અજવાળું થાય છે. કૂકડૂકૂ કૂકડૂકૂ પક્ષીઓ વહેલું ગાવા માંડે છે. કીકીરીકી કીકીરીકી કીકીરોકી. દીવસ તાજો પ્રકાશ લાવે છે.

દર સવારે રાતો સૂર્ય તેજસ્વી રીતે અને હુંફ આપતો ઉગે છે. પણ સાંજ અને અંધારી કાળી રાત તરતજ આવી પહોંચે છે. એ વખતે ચંદ્ર અને તારા ઉગે છે. જ્યારે અજવાળું બંધ થાય છે ત્યારે તેઓ પ્રકાશે છે.

---

૧૪ મા અને તેનો છોકરો.

કેશુ—આ ન્હાનો છોકરો આગળ ચાલી શકતો નથી.

ગોંડુ—તે શા કારણથી દૂર ચાલી શકતો નથી.

કેશુ—તે બહુ ન્હાનો છે. તેથી તેની માએ તેને તેડ્યો છે. ને તે પોતાની માને પોતાના ડાબા હાથે કેવો બાઝી પડ્યો છે.

ગોંડુ—એના જમણા હાથે તે શું કરે છે?

કેશુ—તેનો જમણો હાથ તું જોઇ શકતો નથી. તે તેની માના વાંસાની આસપાસ છે. મા તેના ન્હાના છોકરાને ચાહે છે. તેણે તેના હાથમાં કડાં તેના પગમાં કલ્લીઓ અને તેના માથા ઉપર ન્હાની ટોપી પહેરાવી છે.

ગોંડુ—તે ક્યાં જાય છે અને તેની જમણી બાજુએ તેણે શું ઉપાડ્યું છે?

કેશુ—તે થોડા ચોખા ખરીદવાને બજારમાં જાય છે.

ગોંડુ—બજારમાંથી તે ચોખા ઘેર કેવી રીતે લાવશે?

કેશુ—તેણે ચોખા લેવાને ટોપલો લીધો છે. આ ન્હાના છોકરાને ઘેર એક બાળક બાઇ છે. તે બહુ ન્હાનો છે. તેથી તેની માએ તેને ઘેર રાખ્યો (છે).

ગોંડુ—તેની મા ઘેર ન હોય ત્યારે બાળકની કોણ સંભાળ લે છે?
કેશુ—એની મા બજારમાં જાય ત્યારે તેનો બાપ તેની સંભાળ રાખે છે. તેણી તેને રમકડું આપતી આવી છે. તે તે વડે રમશે.
મને કોણ ઘણું ચાહે છે? મ્હારી મા.
મને પીવાને દૂધ કોણ આપે છે? મ્હારી મા.
મને હરતાં ફરતાં અને વાતચીત કરતાં કોણે શીખવાડયું? મ્હારીમાએ.
મને મદદ કરવાને કોણ દોડી આવે છે? મ્હારી મા.
મ્હારે મારી માને ચાહવી જોઇએ અને તેની સંભાળ લેવી જોઇએ.

---

૧૫ ઘંટી.

નારાયણ—આ ચિત્રમાં તું શું જુએ છે?
ગોવિંદ—ભોંય ઉપર સાદડી ઉપર બેઠેલ બે બૈરીઓ અને એક પુરૂષને હું જોઉં છું.
નારાયણ—એ શું કરે છે?
ગોવિંદ—મને ખબર નથી. મને કહો.
નારાયણ—તેઓ ઘંટીમાં ચોખા દળે છે.
ગોવિંદ—ઘંટી એ શું છે?
નારાયણ—ઘંટીમાં બે પથરા હોય છે. તે મ્હોટા ગોળ અને ઘણા ભારે હોય છે. નીચેનો પથરો ફરતો નથી. ઉપરના પથરાને હાથો હોય છે. તે ગોળ ફર્યા કરે છે. હાથો લાકડાનો હોય

છે. પુરૂષ અને બે બૈરીઓ હાથાને ઝાલીને ઉપલા પથ્થરને ગોળ ફેરવે છે. ઉપલા પથ્થરમાં હાથાની પાસે એક કાણું છે.

ગોવિંદ—એ કાણું શા માટે છે.

નારાયણ—એક બાયડી તેમાં ચોખા ભરે છે. ચોખા તેમાં ઉતરે છે અને બે પડની વચ્ચે આવે છે. પથ્થર તેનો થોડીવારમાં દળીને લોટ કરે છે. એક બાયડી પોતાના જમણા હાથે થોડા ચોખા નાખે છે. તું તેને જોઇ શકે છે ?

ગોવિંદ—હા. હું તેને જોઇ શકું છું. જમીન ઉપર બે ટોપલા છે. એ ચોખાથી ભરેલા છે. એ બધા ચોખાનો દળીને લોટ કરશે ?

નારાયણ—હા. ટોપલીમાંના બધા ચોખાનો તેઓ દળીને લોટ કરશે. આપણે આ ભૂકાને લોટ કહીએ છીએ. નીચેના પડ પાસે સાદડી ઉપર તું ધોળો લોટ જોઇ શકે છે. બાયડીઓ આ લોટની ચોખાની રોટલી બનાવશે. તને ચોખાની રોટલી ગમે છે ?

ગોવિંદ—મને ગમે છે તે બહુ સરસ હોય છે. અમે ઘણીવાર તે ઘર આગળ ખાઇએ છીએ. પણ તે ઠંડી પડી જાય ત્યારે સારી લાગતી નથી. જ્યારે તે તદ્દન ગરમ હોય ત્યારે તે ખાવી મને ગમે છે.

ચોખાની ગરમ રોટલી બહુ સારી લાગે છે. મને ઠંડી ચોખાની રોટલી ગમતી નથી.

૧૬ કેટલાક આંકડા. (કેટલીક સંખ્યા.)

ગોવિંદ—ચાલો આપણે કેટલીક સંખ્યા શીખીએ. તારે કેટલા હાથ છે ?

ગોપાળ—મ્હારે બે હાથ છે, એક ડાબો અને એક જમણો.

ગોવિંદ—ચિત્રમાંના આ સ્ટૂલને કેટલા પાયા છે.

ગોપાળ—સ્ટૂલને ત્રણ પાયા છે. એક, બે, ત્રણ.

ગોવિંદ—ચિત્રમાંની રકાબીમાં કેટલાંક ફળ છે ? તેમને ગણ અને મને કહે.

ગોપાળ—એક, બે, ત્રણ, ચાર. હું ચાર ગણી શકું છું.

ગોવિંદ—ત્હારે દરેક હાથે કેટલી આંગળીઓ છે ?

ગોપાળ—મ્હારે દરેક હાથે પાંચ આંગળીઓ છે.

ગોવિંદ—મધમાખી સામું જો. એને કેટલા પગ છે ?

ગોપાળ—એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ પગ.

ગોવિંદ—ચિત્રમાંની ચોપડીઓ હવે ગણ.

ગોપાળ—એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત ચોપડીઓ.

ગોવિંદ—કરોળીઆને કેટલા પગ છે ?

ગોપાળ—કરોળીઆના આઠ પગ હું ગણી શકું છું.

ગોવિંદ—આ ચિત્રમાં કેટલીક લાકડાની ખીટીઓ છે. તે કેટલી છે?

ગોપાળ—એક, બે, ત્રણ, ચાર, પાચ, છ, સાત, આઠ, નવ ખીટીઓ. નવ ખીટીઓ. એ વડે તું રમ.

ગોવિંદ—તારા બેઉ હાથે તારે કેટલી આંગળીઓ છે ? તે કહે, ત્હારા હાથ ઉંચા કર અને જો.

ગોપાળ—મ્હારે જમણે હાથે પાચ આંગળીઓ છે અને ડાબે હાથે પાંચ આંગળીઓ છે. બંન્ને હાથે દશ છે.

કરોળીઆને આઠ પગ હોય છે. મધમાખીઓને ૭ પગ હોય છે.

---

૧૭ બ્હેનો.

સીના કાળા વાળવાળી દશ વર્ષની ન્હાની છોકરી છે. તે કદી આળસુ નથી. તેને ઉદ્યોગી રહેવાનું અને પોતાની માને મદદ કરવાનું ગમે છે. આજ સવારે અજવાળું થયું ત્યારે તે ઘણી વ્હેલી ઉઠી. તેણે ઘર વાળ્યું. પછી તેણે પોતાની મ્હોટી બ્હેનને જગાડી. તે બોલી 'બ્હેન, ઉઠ, ઉઠવાનો વખત થયો છે. આપણે જઇને કુવામાંથી પાણી લાવીએ." પછી તેની બ્હેન ઉઠી અને તેઓ બન્ને કુવે ગયાં. હવે તેઓ પાછાં આવે છે. મ્હોટી બ્હેને પાણી ઉપાડયું છે. પાણીનો ભરેલો એક ઘડો તેને માથે છે. તેના હાથ બીજા ઘડાની આસપાસ છે. સીતા પોતાની જોડે ટોપલી લેતી ગઇ. જ્યારે તેની બ્હેન પાણી ભરતી ત્યારે તે ઘેર બળતણ માટે પાંદડાં એકઠાં કરતી હતી અને કાઠી વીણતી હતી. એની ટોપલી પાંદડાથી ભરેલી છે. જ્યારે તેઓ પાછા પહોંચશે ત્યારે રાંધવાના વાસણ સાફ કરવાને સીતા પોતાનીમાને મદદ કરશે. પછી પોતાના બાપ અને ભાઇને ખાવા વાસ્તે ચોખા ઉકાળશે. તેની માને કંઇ જોઇતું હોય તો તે સીતાને બોલાવે છે. તેના બાપને કાંઇ જોતું હોયતો

તે પણ સીતાને બોલાવે છે. તે દોડતી આવે છે અને તેમને મદદ કરે છે. તે ઘરમાં સૌથી ઉપયોગની (કામગરૂ) છોકરી છે. તે બીજાને મદદ કરવાથી કંટાળતી નથી

---

૧ આ ચોપડી મ્હોટી છે. ૨ પેલી ચોપડી આ કરતાં વધારે મ્હોટી છે. ૩ મ્હારી ચોપડી ત્રણેમાં મ્હોટી છે.

૧ પેલું પક્ષી ન્હાનું છે. ૨ આ પક્ષી વધારે ન્હાનું છે. ૩ રાતું પક્ષી ત્રણેમાં વધારે ન્હાનું છે.

૧ આ સારૂં છે. ૨ પેલું વધારે સારૂં છે. ૩ આ સૌથી વધારે સારૂં છે.

હું ઘણો મ્હોટો નથી. હું ઘણો ઘરડો નથી. પણ મ્હારી મા અને મ્હારી બ્હેનોને હું મદદ કરીશ.

---

૧૮ કુતરો.

રાત્રે અંધારૂં થાય છે. ત્યારે હું મ્હારા ઘરનાં બારણાંને તાળું દઉંછું-વાસું છું. તમે તમારા બારણાને પણ તાળું દીઓ છો ?

ના. હું મ્હારા બારણાને કદી તાળું મારતો નથી. તમે ચોરથી બીતા નથી ? તેઓ અંધારે આવી કાંઈક ચોરી જાય.

અરે ના. મ્હારે એક સારો ભાઇબંધ છે. તે આખી રાત મ્હારા ઘરની ચોકી રાખે છે. તે કદી ઉંઘતો નથી. ચોર તેનાથી બીએ છે. તે મ્હારો ન્હાનો કુતરો છે. તેને તું ઉભેલો જુએ છે ? જો તે ચોરને દેખે તો તે તેને ભસે છે. જ્યારે તે ચોરને સાંભળે છે ત્યારે તે ભસે છે. તે ચોરને કરડે છે. તે મ્હારા ભાઇબંધોને કરડતો નથી.

ત્હારો કુતરો બીજું કાંઇ કરી શકે છે ?

હા. તે પોતાના મ્હોમાં મ્હારી લાકડી ઉપાડી જઇ શકે છે.

---

૧૯ પક્ષી અને તેનો માળો.

આજ સવારે સીતા બગીચામાં ગઇ. તેણે ઉંચે ઝાડમાં જોયું. તે ઉંચું ઝાડ ન હોતું. તે નીચું ઝાડ હતું. ત્યાં તેણે એક ન્હાના પક્ષીને જોયું. તે ઉડી ગયું નહી. તે તદ્દન ચુપ બેસી રહ્યું. તે તેની પાસે ગઇ. ત્યારે તે પક્ષી તેની સાથે વાતચીત કરવા લાગ્યું: તે બોલ્યું–

" હું કોણ છું. ? હું શું કરૂં છું હું તને કહું છું.

હું ન્હાનું પક્ષી છું. મ્હારે બે પાંખ છે. અને હવામાં ઉંચે ઉડી શકું છું.

હું પડી જતું નથી. મારી પાંખો મને ઉંચે રાખી શકે છે. હું એક ઝાડથી બીજે ઝાડ ઉડી શકું છું.

ન્હાની છોડી, તુ તેમ કરી શકે નહી ? કરી શકે ?

તું ચાલી શકે, તું દોડી શકે અને તુ કુદી શકે, પણ તુ ઉડી શકે નહીં. મ્હારી પેઠે ઉડવું તેને ગમે કે ?

હવે મેં મારી પાંખો બીડી છે અને ઝાડની ડાળ ઉપર હું બેઠું છું.

તું એક સરસ ઘરમાં રહે છે. નહીં વારૂ ? મ્હારે પણ એક હુંફાળું સારૂં ઘર છે. મ્હેં તે એક અઠવાડીયામાં બાંધી દીધું. તે મ્હારી નજીકમાં આ રહ્યું. હું તેને મ્હારો માળો કહું છું. તે અહીં તદ્દન સહીસલામત છે. તે ઝાડમાંથી પડી જશે નહીં.

કેટલાંક પક્ષીઓ લાંબા ઘાસમાં જમીન ઉપર માળા બાંધે છે. હું ઉંચે ઝાડમાં પાન નીચે મ્હારો માળો બાંધું છું. તે આ રહ્યો.

કેટલાંક પક્ષીઓ તેમના માળા પાંદડાં વડે બનાવે છે. પણ હું મ્હારો માળો ન્હાની ડાખળીઓથી બાંધું છું. તેને હુંફાળો રાખવાને હું તેમાં ઉન અને સુકું ઘાસ મુકું છું. મ્હારા માળામાં થોડાં વાદળી ઈંડા છે. મ્હેં તે ગઈ કાલ મૂક્યાં. તેમને ગણ. એક, બે, ત્રણ, ચાર, માળામાં ચાર ન્હાના આસમાની ઈંડા છે. તું તેના સામું જો પણ તેને અડતી ના.

આ ઈંડામાંથી ચાર ન્હાનાં પક્ષી બ્હાર નીકળશે. જો તું થોડા દીવસમાં આવે તો તું તે જોજે. હવે મ્હારે ઈંડા ઉપર બેસવું

જોઇએ અને તેને હુંફાળા રાખવાં જોઇએ. જો હું તેમના ઉપર ન બેસું તો તે ઠંડા પડી જાય.

---

૨૦ ન્હાનાં પક્ષી.

પાંચ કે છ દીવસ પછી સીતા ફરીથી બગીચામાં ગઈ. ત્યાં તેણે પેલું પક્ષી જોયું. તેણે ફરીથી તેની જોડે વાતચીત કરી; તે બોલ્યું—

"ગુડમોર્નિંગ, ત્યારેતો તુ મને ફરીથી મળવાને આવી છે ખરૂં ? હું તને જોઈ ઘણું ખુશી થયું છું.

હવે મ્હારા માળામાં ચાર ન્હાનાં પક્ષી છે. હું તેમની મા છું અને તેઓ મ્હારાં બચ્ચાં છે. હું તેમને બહુ ચાહું છું. તું માળા પાસે જા અને તેના સામું જો.

બે દીવસ પહેલાં તે આસમાંની ઇંડાંમાંથી બ્હાર નીકળ્યાં. મ્હેં મ્હારા માળાના ઇંડા તને બતાવ્યાં હતાં. હવે તે પોતાનું મોહું ઉઘાડે છે. તું તેમને જોઇ શકે છે ? તુ તેમને ચીસ પાડતાં સાંભળે છે. ? તેમને ખાવું છે. તે ઘણાં ભુખ્યાં છે.

હું હમણાંજ એક કીડો તેમને ખાવા માટે લાવી છું. તે આ રહ્યો મ્હારી ચાંચમાં. એમનો બાપ મ્હારા જેવું એક ન્હાનું પક્ષી છે. તે આ છોકરાં માટે વધારે ખોરાક લાવવાને બ્હાર ગયો છે. જો અ-

મે તેમને સારી રીતે ખવડાવશું તો તે દરરોજ મ્હોટાં અને મ્હોટાં થશે. એક મહીનામાં તેમની પાંખો મજબુત થશે. પછી હું તેમને આમતેમ ઉડતાં શીખવાડીશ. પછી તેઓ પોતાની મેળે ખોરાક મેળવશે. હમણાં તો તે ન્હાનાં છે. એમના મા બાપે તેમને ખવડાવવું જોઇએ.

પંખીડું.

પ્હો ફાટતાં પોતાના માળામાં ન્હાનું પક્ષી શું બોલે છે? ન્હાનું પક્ષી બોલે છે કે–"મા મને ઉડવાદે; મને ઉડી જવાદે"

"થોડીવાર રહે. ન્હાની પાંખ વધારે મજબુત થવા દે."તેથી એ થોડી વધારે વાર રહે છે અને પછી ઉડી જાય છે.

---

૨૧ બીલાડી.

જો આ રહી એક બીલાડી. તેના શરીર ઉપર ટુંકી સુંવાળી રૂંવાટી છે. તેના પંઝાને છેડે તીક્ષણ નખ છે. તેને ચીડવજે ના તેના નખ વડે તે તને ઇજા કરશે (નખ ભીડાવશે).

બીલાડી બહુ ઉતાવળી હોય છે. અને ઉંદર પકડી શકે છે. ઉંદર રાત્રે ખોરાક ચોરી ખાવાને આવે છે. બીલાડી રાતજુએ છે. તે રાત્રે દેખી શકે છે.

જ્યારે ઉંદર દરમાંથી નીકળે છે ત્યારે બીલાડી કુદે છે અને પકડી પાડે છે. તે તેના સાથે ગેલ કરે છે. આખરે તે ઉંદરને મારી-ને ખાઈ જાય છે.

બીલાડી દુધ પીએ છે. તે માંસ અને રોટલી ખાય છે. અને તેને માછલી બહુ ભાવે છે. બીલાડી તેના બચ્ચાં ઉપર પ્રેમ રાખે છે. તેમને સ્વચ્છ રાખવાને તે તેમનું આખું શરીર ચાટે છે તે તેમના માટે ખોરાક લાવે છે, અને તેમને ઉંદર પકડતાં શીખવાડે છે.

તે પોતાની પૂંછડી હલાવે છે અને બચ્ચાં તેની જોડે રમે છે. બીલાડીના બચ્ચાં રમતીયાળ હોય છે. તે આમ તેમ કુદે છે. મા એમને મ્હોંમાં ઘાલી લઇ જાય છે; તેમને મીઆંઉં કરી તે બોલાવે છે. બચ્ચાં પણ મીંઆંઉ કરે છે.

કુતરા અને બીલાડાં આપણાં ભાઇબંધ હોય છે. કુતરા રાત્રે આપણી ચોકી કરે છે, અને બીલાડાં ઉંદર પકડે છે. આપણે તેમના તરફ માયાળુ થવું જોઇએ.

૨૨ બકરી.

આ બે બકરી છે. તેમને કેવા લાંબા કાન છે? ગાયની પેઠે તેને શીંગડાં હોય છે. તેમના શીંગડાથી તેઓ મને માથું ભરાવશે. જો તું તેને નહીં મારે તો તે તને માથું નહી ભરાવે. તેમને ટુંકી પુંછડીઓ હોય છે.

બકરી દુધ દે છે તેમનું દુધ પીવામાં ગળ્યું અને સારૂં હોયછે. બકરીઓ ગાયની પેઠે વધારે દુધ દેતી નથી. આનું કારણ શું? બકરી ગાય કરતાં ન્હાની હોય છે. તેથી તે થોડું દુધ દે છે. ગાયનું દુધ બકરીના દુધ કરતાં સારૂં હોય છે.

બકરીવાળો બે બકરીની વચમાં બેઠો છે. તે તેમને દોવાનો છે. તેની આગળ માટીનો ઘડો છે. તે વાસણમાં દુધ રેડશે.

---

૨૩ ઘેટું.

આ શું છે? તે બકરી છે? ના. ઘેટું છે. તેને કેવા સુંદર શીંગડાં છે? શીંગડાં સીધાં નથી. ઘેટાના શીંગડાં વળેલાં હોય છે. બકરાના શીંગડાં સીધાં હોય છે.

ઘેટાની ચામડી ઉપર જાડી ઉન હોય છે. ઉન કોટ જેવું હોય છે. ઉન ઘેટાને હુંફ આપે છે. માણસો ઘેટા ઉપરથી ઉન ઉતારી લે છે. પછી તેઓ ઉનનું કાપડ બનાવે છે. તેઓ કાપડનાં ગરમ કપડાં બનાવે છે.

માણસો ઘેટાંના ટોળાં રાખે છે. ટોળાંમાં ઘણાં ઘેટાં હોય છે. ઘેટાં ઘાસ ખાય છે. ભરવાડ ઘેટાં ચારવાને ખેતરમાં હાંકી જાય છે. બકરાના કરતાં ઘેટાની ઉન જાડી છે. ઘેટાં બહુ નરમ અને શાન્ત હોય છે. તે કોઇને ઇજા કરતાં નથી.

૨૪ તમારા અને મ્હારા માટે.

ઉંડા આસમાની આકાશમાં તેજસ્વી સુર્ય પ્રકાશે છે. ધોળા ચંદ્ર ઉંચા વાદળા ઉપર પ્રકાશ નાંખે છે. અને રાત્રે ચળકતા તારા આપણી નજરે પડે છે. સુર્ય, તારા, અને ચંદ્ર તારા અને મારા માટે પ્રકાશે છે. જ્યારે સોનેરી સુર્ય પશ્ચીમમાં આથમે છે. ત્યારે દરેક પંખી પોતાના ન્હાના માળા તરફ ઉડે છે. બગીચાના ઝાડમાં તે કેવું મધુરૂં ગાય છે ? અને તેનાં મીઠાં ન્હાનાં ગીત ત્હારા અને મ્હારા માટે છે. ઉદ્યોગી મધમાખીઓ સુંદર ફુલની આસપાસ ગુંજે છે. તે હમેશાં ખીલે છે અને આપણાં સામાં હસે છે. તે હવામાં સુગંધી પ્રસારે છે અને મધમાખીઓને ખોરાક પૂરો પાડે છે. અને તેઓ ત્હારા અને મ્હારા માટે ખીલે છે. મહાન પરમેશ્વર ભલો છે, તે ઉંચે રહે છે. તે તેના આકાશમાંના ઘરમાંથી આપણા ઉપર જુએ છે. તેણે બધી વસ્તુ બનાવી છે. તે માયાળુ અને પ્રેમાળ છે. ત્હારા અને મ્હારા માટે એ તેણે બનાવી છે.